જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૯/03/૨૦૨૩ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

## આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ- સમાચાર યાદી નં.૪૭૨/૨૦૨૩

**નિકોલ પોલીસ સ્ટેશનઃ**

અમદાવાદ ગ્રામ્ય એડી.જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટના ક્રિમીનલ કેસ નંબર ૧૪૯૮૬/૨૦૨૨ નિકોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૫૨૦૦૮૦૭/૨૦૨૦ ઇપીકો કલમ ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૨૬૭, ૨૬૮, ૪૭૭(એ), ૧૨૦(બી) મુજબના ગુનાના કામે **આરોપી ધર્મેશભાઇ મગનભાઇ રામાણી (રહે.મ.નં.૩૫, નંદનબાગ, બીલાસીયા નરોડા દહેગામ રોડ, એસ.પી.રીંગ રોડ, નરોડા, અમદાવાદ)** નાઓને ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એચ.આર.પટેલ સાહેબ, એડી.જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ જર્જ સાહેબશ્રી, અમદાવાદ (ગ્રામ્ય) રૂમ નંબર-૭૦૯ સમક્ષ તા.૦૫/૦૪/૨૦૨૩ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**બાપુનગર પોલીસ સ્ટેશનઃ**

સિટી સેસન્સ કોર્ટના સેશન્સ કેસ નંબર ૧૩૧/૨૦૧૭ બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૨/૨૦૧૭ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એકટ કલમ ૪, ૬, ૮, ૧૦, ૧૨ મુજબના ગુનાના કામે **આરોપી મહંમદઅઝહર જાનમહંમદ શેખ (રહે.મકાન નંબરઃ ૮૯/૧૪૯૯, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સુન્દરમનગર, નુરાની મસ્જીદ પાસે, બાપુનગર, અમદાવાદ)** નાઓને ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એમ.બી.કોટક સાહેબ, અધિકસત્ર ન્યાયધીશ, કોર્ટ નંબર-૨૬ સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૪/03/૨૦૨૩ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૭૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૨૬૨ લીટર દેશી દારૂ, ૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ, 0૩ સ્કુટર, 0૨ મોટર સાયકલ, 0૨ રીક્ષા અને 0૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ 0૫ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૮,૯00/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૭૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૭૫/૨૦૨૩

**ચાંદખેડાઃ** ઓમપ્રકાશ સ/ઓ ગોપાલલાલ ગુપ્તા ઉ.વ.૪૪ રહે, દેવવ્રુષ્ટી સોસાયટી, ચાંદખેડા રેલ્વે સ્ટેશન સામે, ઉપવન રેસીડેન્સીની પાછળ, ત્રાગડ રોડ ચાંદખેડા) એ તા.૧૮/૦૩/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યા થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અકીલ સોયેબભાઈ કાસમાની (રહે.સુકુન રાજહંસ સોસાયટી નંબર-૩ સદગુરૂ કોમ્પલેક્ષ સામે રૈયા રોડ રાજકોટ) એ ઓમપ્રકાશની ગ્રાન્ડ સ્પોર્ટસ આઇ.૧૦ કાર નંબર જીજે.૦૧.કેયુ.૭૫૧૪ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- ભાડેથી સેલ્ફ ડ્રાઈવ સારૂ ચાર-પાંચ દિવસનુ સુરેન્દ્રનગર ખાતે લગ્નમાં જવાનુ કહીને લઈ ગયેલ. જે કાર આજદિન સુધી પરત નહી કરી ઓમપ્રકાશ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ- સમાચાર યાદી નં.૪૭૬/૨૦૨૩

**મણીનગરઃ** કમલેશભાઇ જયકીશનભાઇ કોડવાણી (ઉ.વ.૩૬)(રહે.અન્નપુર્ણા સોસાયટી, ઘોડાસર તળાવની સામે ઇસનપુર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૩/૨૦૨૩ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે મણીનગર સિધ્ધીવિનાયક સર્કલ પહેલા અમર સોસાયટી સામે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ કમલેશભાઇના ગળામાંથી સોનાની ચેઈન પેંડલ સાથે કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.વાઘેલા ચલાવે છે.

## ગાડીનો કાચ તોડી ચોરીઃ- સમાચાર યાદી નં.૪૭૭/૨૦૨૩

**એલીસબ્રીજઃ** મનીષકુમાર ભાનુપ્રસાદ ભટ્ટ (ઉ.વ.૪૭)(રહે.સેક્ટર- ૨/એ, ગાંધીનગર) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૩/૨૦૨૩ સાંજના ૪/૪૫ વાગ્યાના સુમારે એલીસબ્રીજ આયકરભવન સામે આવેલ શ્યામક કોમ્પ્લેક્ષ આગળ રોડ ઉપર પોતાની કાર ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યા પુરૂષે મનીષકુમારની કારના પાછળના ખાલી સાઇડના દરવાજા ઉપર હાથ મારતા, મનીષકુમારે કાર ઉભી રાખી મોટર સાયકલ ચાલક સાથે વાત કરતા હતા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ મનીષકુમારની નજર ચુકવી કારના દરવાજાનો કાચ તોડી, કારમાંથી બેગ ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૧૨,૭૫,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.વી.બારીઆ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૭૮/૨૦૨૩**

**નારોલઃ** અશોકગીરી સ/ઓ મુકેશગીરી ગૌસ્વામી (ઉ.વ.૩૫) (રહે. પુષ્પમ સોસાયટી ખારાવાલા કમ્પાઉન્ડ ઇસનપુર વટવા રોડ નારોલ) તા.૧૭/03/૨૦૨૩ સવારના ૧૦/00 વાગ્યાના સુમારે નારોલ અંબુજા ફેક્ટરીની બાજુમા અમૃતા ફેશનના ગોડાઉનના સિમેન્ટના પતરા ઉપર કામ કરતા હતા ત્યારે સીમેન્ટનું પતરૂ તુટી જતા નિચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સ્ટર્લિંગ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૮/00 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઈ ભોપાભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૭૯/૨૦૨૩**

**નારણપુરાઃ** ભૌતિક નાગરભાઇ મિયાસણીયા (ઉ.વ.૨૩)(રહે.હેપ્પી હોમ એપાર્ટમેન્ટ શાસ્ત્રીનગર શાકમાર્કેટ સામે શાસ્ત્રીનગર નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૮/03/૨૦૨૩ સાંજના ૪/30 વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેશભાઇ રામજીભાઇ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** સુભાષચંદ્ર સોધનસિંગ શર્મા (ઉ.વ.૫૮) (રહે. ચંદનનગર લીમડા બસ સ્ટેન્ડ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા તા.૧૭/03/૨૦૨૩ રાતના ૧૦/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે મફલર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર ભીખુભાઇ ચલાવે છે.

**વટવાઃ** પુજા વા/ઓ બબલુ પ્રજાપતિ (ઉ.વ.૨૪) (રહે. કેદારમ ફ્લેટ બીબી મરીયમ દરગાહની બાજુમાં વટવા) એ અગમ્ય કારણસર તા.૧૮/03/૨૦૨૩ સવારના ૯/00 થી બપોરના ૪/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.ગોહિલ ચલાવે છે.

**નારોલઃ** વિનોદકુમાર મુન્નાલાલ શ્રીવાસ્તવ (ઉ.વ.૪૨) (રહે. રાજહંસપાર્ક સોસાયટી વિભાગ-૨ શિવાલીક રેસીડેન્સી પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/03/૨૦૨૩ બપોરના ૨/30 વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હેકોશ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી